بسم اللہ الرحمن الرحیم

**સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના હઝરત અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ પંજુમ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા.03-03-2017 સ્થળ : મસ્જીદ બૈતુલ ફુતુહ લંડન.**

તશહુદ તઆઉઝ તથા સુરઃ ફાતેહાની તિલાવત બાદ હુઝુર અનવર ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ એ ફરમાવ્યું :

છોકરા છોકરીઓના સગપણના મામલાઓ અને સગપણ પછી પારિવારિક મામલાઓ, આ એવી બાબતો છે જે ઘરોમાં પરેશાની તથા બેચેનીનું કારણ બને છે. લગ્ન પછી પારિવારિક સમસ્યાઓ માત્ર પતિ પત્ની માટે સમસ્યાઓ નથી હોતી બલ્કે બંનેના માતા પિતા માટે પણ પરેશાનીનું કારણ હોય છે અને ફકત એટલું જ નહી બલ્કે જો સંતાન થઈ ગઈ છે તો સંતાનમાં પણ બેચેની પૈદા કરી રહી હોય છે તથા અમુક વાર સંતાન આ કારણથી દીન અને દુનિયા બંને દ્રષ્ટિથી બગડી રહી હોય છે અને મા બાપ અને કુટુંબ માટે અન્ય મુશ્કેલીઓ ઊભી કરે છે. આ રીતે મુશ્કેલીઓની એક શ્રંખ્લા આરંભ થઈ જાય છે. લગભગ પ્રતિદિન મારા પત્રોમાં એવી વાતો આવે છે અથવા જુબાની મુલાકાતમાં લોકો પોતાની સમસ્યાઓનું વર્ણન કરે છે. એક તરફ છોકરીઓના સગપણની સમસ્યા છે, ભણતરનું બહાનુ બનાવીને ઉચિત આયુંમાં સગપણ નથી કરવામાં આવતા અને જ્યારે સગપણ થઈ જાય તો Understanding ન હોવાની દુવિધા બતાવીને સંબંધમાં દુરીઓ પેદા થાય છે, તેના તીરાડો પડે છે. પછી કેટલીક છોકરીઓની આ વાતો જોવા મળે છે કે સહેલીઓ અનુચિત ભાવનાઓ તેમના દિલોમાં પૈદા કરે છે. પછી અમુક વાર માં બાપ સ્વયં છોકરીઓને એવી વાતો સિખવાડે છે કે જેના કારણે છોકરા છોકરીઓ અથવા પતિ પત્નીનો પરસ્પર વિશ્વાસ ખતમ થઈ જાય છે અથવા શંકાઓ પૈદા થવા લાગે છે. અફસોસ છે કે પાકિસ્તાનથી અહીયા લગ્ન થઈને આવેલ છોકરીઓ પણ, જે પશ્ચિમી દેશોમાં આવે છે, અહીયાની સ્વતંત્રતાને જોઈને આ રંગમાં રંગીન થઈને પછી અનુચિત માંગો શરૂ કરી દે છે બલ્કે અમુક વાર તો ઘર વસાવતા પહેલા જ અહીયા પહોચીને સંબંધ તોડી દે છે અને આ દશા કેવળ છોકરીઓની જ નહી બલ્કે છોકરાઓ પણ આ જ કરે છે અધિકતર છોકરા છોકરીઓ સ્પષ્ટ વાતથી કામ નથી લેતા, સંપૂર્ણ હાલત એક બીજાને નથી જણાવતા. પછી માં બાપ અમુક વાર છોકરીઓ પર દબાવ નાખીને લગ્ન કરાવી દે છે કે બાદમાં ઠીક થઈ જશે, જે સંબંધ યોગ્યતાના અંતર અને રહેન સહેનના અંતરના કારણે ઉપયુકત નથી થતા.

સારાંશ આ છે કે ચાહે તે છોકરા છે કે છોકરીઓ છે કોઈના પર સો પ્રતિશત આરોપ ન લગાવી શકાય. કેટલીક સ્થિતિઓમાં છોકરા દોષી હોય છે તો કેટલીક સ્થિતિમાં છોકરીઓ દોષી હોય છે. પછી પારિવારિક સમસ્યાઓ જેવું કે મેં કહ્યું કે બાળકોને પણ પ્રભાવિત કરે છે. માતા પિતાના વિચ્છેદ પછી જેની પાસે પણ બાળકો રહે છે તે માનસિક તથા શિષ્ટાચાર અને અન્ય યોગ્યતાઓની દ્રષ્ટિથી પ્રભાવિત થઈ રહ્યા હોય છે. પછી પતિ પત્નીના સંબંધોમાં છોકરીના માતા પિતાનો હસ્તક્ષેપ છે. પછી વાસ્તવિક જાણ ન આપવાના કારણે દોષ પૈદા થાય છે. જેવું કે મેં પહેલા પણ વર્ણન કર્યુ કે સ્પષ્ટ વાતથી કામ નથી લેતા જે કે અત્યંત જરૂરી છે. તેવી જ રીતે છોકરીઓના દિલમાં અમુક વાતો છોકરા તથા તેના પરિવારના વિષયમાં થાય છે. દા.ત. છોકરાની માં અથવા અન્ય સગા વહાલા જે છે છોકરી સામે પ્રત્યેક સમયે છોકરાની પ્રશંસા કરતા રહેશે કે અમારો છોકરો એવો અથવા અમારો છાકરો તેવો છે, તથા છોકરીની કોઈના કોઈ બહાને હીન પ્રકૃતિની પ્રમાણિત કરવાનો પ્રયાસ કરવામાં આવે છે. પછી છોકરી અને છાકરાના સંબંધ છે, પતિ પત્નીના સંબંધ છે, તેમાં પણ છોકરા વાળાનો હસ્તક્ષેપ હોય છે. છોકરીઓને આ પણ ફરિયાદ છે કે છોકરા પોતાના લગ્નના દાયિત્વ પૂર્ણ નથી કરતા, કર્તવ્ય નિભાવવાની ભાવના નથી તો આ પ્રકારે શિકાયતોનો આ ક્રમ ચાલે છે તથા બંને પક્ષો તરફથી ચાલતો જાય છે.

જો એક વાકયમાં આ વિભિન્ન આયુ વાળાની સમસ્યાઓને બયાન કરવામાં આવે તો આ છે કે દીનથી દૂરી છે, દીનની તાલીમની જાણકારી નથી તથા દીનથી અરૂચિ છે અને દુનિયાદારી તથા દુનિયાની વસ્તુનો મોહ છે. આથી જો આ સમસ્યાઓનું સમાધાન કાઢવું છે તો દીનની તાલીમ અનુસાર કાઢવું પડશે. એક તરફ તો આપણે પોતાને અહેમદી કહીએ છીએ, આ વાતનો દાવો કરીએ છીએ કે અમે દીનને દુનિયા પર પ્રાથમિકતા આપનાર છીએ તો પછી દીનની તાલીમ અનુસાર તેનું સમાધાન શોધીએ જે આપણને કુરઆન કરીમમાં, હદીસોમાં, હઝરત મસીહ મૌઉદ અ.સ.ની તાલીમમાં મળે છે. આપણું સૌભાગ્ય છે કે આપણે ઈસ્લામ કબૂલ કર્યુ, આપણે મુસલમાન છીએ અને પછી હઝરત મસીહ મૌઉદ અ.સ.ને

માન્યા જેમણે આપણાથી પ્રત્યેક અવસ્થામાં દીનને દુનિયા પર પ્રાથમિકતા આપવાની પ્રતિજ્ઞા લીધી. આ પ્રતિજ્ઞા આપણે વિભિન્ન અવસરો પર દહોરાવીએ છીએ પરંતુ જ્યારે તેના પર અમલ કરવાનો સમય આવે છે તો ભૂલી જઈએ છીએ. લગ્નના અવસરે તો દીનની સેવા કરનાર પણ ભૂલી જાય છે. જ્યારે કે લગ્ન અને સગપણ તો વિશેષ નિર્દેશ આપણને આંહઝરત સ.અ.વ.થી મળ્યો છે કે દીનને દુનિયા પર પ્રાથમિકતા આપવી છે. આંહઝરત સ.અ.વ.ની આ વાતને હંમેશા યાદ રાખવી જોઈએ જે સગપણની શોધ સમયે પ્રાથમિકતા આપતા પોતાની સામે રાખવા માટે આપે ફરમાવી છે, જેની હઝરત અબૂ હુરૈરા રઝી.થી રિવાયત મળે છે કે આંહઝરત સ.અ.વ.એ ફરમાવ્યું કે સ્ત્રીઓથી ચાર વાતોના કારણે લગ્ન કરવામાં આવે છે. તેના ધનના કારણે, તેના વંશ પ્રતિષ્ઠાના કારણે કુટુંબના કારણે, તેની સુંદરતાના કારણે તથા તેના દીનના કારણે. માટે તમે દીનદાર સ્ત્રીનું ચયન કરો, ખુદા તમારૂ ભલુ કરે. જો આ વાતોને છોકરાઓ પણ તથા તેના ઘર વાળા પણ સામે રાખવા લાગે તો છોકરીઓ અને છોકરીઓના ઘર વાળા પોતાની પ્રાથમિકતા જે છે, તેમની દીન કરી લેશે અને જો દીન પ્રાથમિકતા હશે તો ઘણી બધી ફરિયાદો જે છોકરા તથા છોકરી તથા તેમના પરિવારના સંબંધમાં પૈદા થાય છે તે દૂર થઈ જશે તથા જે છોકરો દીનદાર છોકરીની શોધમાં હશે તથા દીનને પ્રાથમિકતા આપી રહ્યો હશે, તેમને પોતાના કર્મ પણ દીન અનુસાર ઢાળવા પડશે અને જે દીનની તાલીમ અનુસાર કર્મ કરી રહ્યો હશે તેના ઘરમાં અકારણઅ જ નાની નાની વાતો પર ફિત્નો તથા ફસાદ પૈદા ન થશે તથા ન છોકરા વાળા છોકરી માટે મુશ્કેલીઓ ઊભી કરનાર થશે.

પછી ઈસ્લામ આ તાલીમ આપે છે કે સગપણ પહેલા ઈસ્તિખારા અર્થાત દુઆ સાથે અલ્લાહ તઆલાથી માર્ગદર્શન કરી લો. અલ્લાહ તઆલાથી સગપણ માટે ભલાઈ માંગો અથવા આ કે અલ્લાહ તઆલાની દ્રષ્ટિમાં ભલાઈ ન હોય તે સગપણમાં, તો તેમાં રૂકાવટ પૈદા કરો. આ વિશે હઝરત ખલીફતુલ મસીહ અવ્વલએ એક અવસર પર ખુબ સુંદર ઢંગથી ફરમાવ્યું કે નબી કરીમ સ.અ.વ.એ ખુબ મોટો ઉપકાર કર્યો છે કે આપણને એવો માર્ગ બતાવ્યો કે નિકાહની આવશ્યકતા ઝાતુદદીન છે અર્થાત દીનને તલાશ કરવું છે, કરો. સુંદરતા તથા શોભા અથવા ધન દોલતની પ્રાપ્તિ અથવા કેવળ પ્રતિષ્ઠિત વંશ તેનું કારણ ન હોય. પહેલા નિય્યત નેક હોય, પછી તેનું બીજુ કામ આ છે કે નિકાહ પહેલા ખુબ ઈસ્તિખારા કરો. આમ અલ્લાહ તઆલાથી આ સગપણ પહેલા આ દુઆ કરો કે જો આમાં મારા માટે સંતોષ છે તથા ભલાઈ છે તો આ સગપણ થઈ જાય અને લગ્ન થઈ જાય તો પછી ગૃહસ્ત જીવન અલ્લાહ તઆલાના ફઝલથી ખુબ સફળ થશે પરંતુ આ પણ યાદ રાખો કે લગ્ન પછી પણ શૈતાન હુમલો કરતો રહે છે માટે આ દુઆ હંમેશા કરતા રહેવું જોઈએ કે લગ્ન પછી જીવન હંમેશા શાંતિ, પ્રેમથી વ્યતીત થાય. પછી હઝરત ખલીફતુલ મસીહ અવ્વલએ અધિક ઈસ્તિખારાનું મહત્ત્વ જણાવ્યું છે, એક અવસર પર તેનો ઉપદેશ આપતા આપે ફરમાવ્યું :

મોટા મોટા કામોમાંથી નિકાહ એક કામ છે. આપણે તેના પરિણામથી અજાણ હોઈએ છીએ પરંતુ અલ્લાહ તઆલા તો પરોક્ષનો જાણનાર છે માટે પહેલી વાત આ છે કે ખુબ ઈસ્તિખારા કરો તથા ખુદા તઆલાથી સહાયતા માંગો. આપ ખુત્બા નિકાહમાં પઢવામાં આવતી આયતો દ્વારા ફરમાવે છે કે તેમાં નસિહત છે કે તકવાને સામે રાખતા નિકટતમ સંબંધોનું ધ્યાન રાખો, સાફ અને સીધી વાત કરો. આ નિરીક્ષણ કરો કે તમે કાલ માટે શું આગળ મોકલી રહ્યા છો. જો તમારે જીવનની સફળતા જોવી છે તો તકવા ખુબ જરૂરી છે. પછી નિકાહની મુબારકબાદીના અવસર પર પણ નબી કરીમ સ.અ.વ.એ દુઆ સિખવાડી છૈ કે અલ્લાહ તઆલા તમને બરકત આપે, તમારા બંને પર બરકત નાઝિલ કરે તથા તમને બંનેને નેકી પર જમા કરે. આ રીતે પ્રત્યેક અવસર પર ભલાઈ તથા બરકતોની દુઆ કરવામાં આવે છે તો પછી સંબંધો પણ બરકત વાળા થાય છે. કેટલાક લોકો પાકિસ્તાની અને હિન્દુસ્તાની પ્રથાઓના પ્રભાવના કારણે હજુ સુધી વંશ, સમાજ અને કોંમની સમસ્યાઓમાં પડેલ છે જ્યારે કે અલ્લાહ તઆલા કહે છે કે  લગ્નની વાત આવે તો દુઆ કરો. દુઆ કરો અને ઈસ્તિખારા કરો દીનને પ્રાથમિકતા આપો. તો દુઆ કરવાને બદલે અથવા દીનને પ્રાથમિકતા આપવાને બદલે સમાજ અને કોંમ તેમના સંમુખ હોય છે. હઝરત મસીહ મૌઊદ અ.સ. ફરમાવે કે સગપણના સમયે માત્ર આ જોવાનું કે જેની સાથે નિકાહ કરવામાં આવે છે તે નેક અને સદગુણ છે તથા કોઈ એવી મુશ્કેલીમાં તો લુપ્ત નથીને જેના કારણે કોઈ મુશ્કેલી ઊભી થાય તથા યાદ રાખવું જોઈએ કે દીનમાં કોંમોનું મહત્ત્વ નથી કેવળ નેક ચલન અને તકવાનું મહત્ત્વ છે. આમ આ મૂળ નિયમ છે કે તકવા જુઓ, શેષ અન્ય બધી વાતો વ્યર્થ છે, હાં બરાબરી જોવાનો નિર્દેશ છે માટે બરાબરી જોવી જોઈએ અને અવશ્ય જોવું જોઇએ પરંતુ તેમાં પણ અધિક છાન બીન ન હોવી જોઈએ.

અમુક લોકોને પોતાના વંશ પર ખુબ ઘમંડ હોય છે તેવા જ એક વ્યકિતને હઝરત ખલીફતુલ મસીહ અવ્વલએ એક વાર ખુબ પકડયો. હઝરત ખલીફતુલ મસીહ અવ્વલ પાસે એક વાર એક વ્યકિત આવ્યો અને કહેવા લાગ્યો કે હું સૈયદ છું

મારી સુપુત્રીના લગ્ન છે, આપ આ અવસરે મારી કોઈ સહાયતા કરશો. આપે ફરમાવ્યું, હું તમારી છોકરી માટે તે તમામ વસ્તુઓ આપવા માટે તૈયાર છું જે રસૂલ કરીમ સ.અ.વ.એ પોતાની સુપુત્રી ફાતિમાને આપ્યું હતુ. તે વ્યકિત આ સાંભળીને બોલ્યો કે આપ મારી નાક કાપવા માંગો છો, હઝરત ખલીફા અવ્વલએ ફરમાવ્યું કે શું તમારી નાક હઝરત મુહમ્મદ સ.અ.વ.ની નાકથી મોટી છે ?

હુઝુર અનવરે ફરમાવ્યું : અમુક વાર છોકરીઓને આ તાના પણ મળે છે કે દહેજ થોડું છે. તે લોકો માટે પણ તાલીમ છે જે છોકરીઓને માનસિક પીડા આપે છે તથા તેવી જ રીતે છોકરી વાળા માટે પણ કે દહેજ સામર્થ્ય અનુસાર જ આપે. જેટલું સામર્થ્ય છે અવશ્ય આપવું જોઈએ પરંતુ કોઈ બોજ પોતાની ઊપર ન નાખવું જોઈએ. ઈસ્તિખારાથી પહેલા જ્યાં સગપણની ઈચ્છા હોય, તે છોકરીને જોવું પણ જોઈએ. આ વિશે આંહઝરત સ.અ.વ.નું નિર્દેશ છે જે અબૂ હુરૈરા રઝી.થી રિવાયત છે કે હું રસૂલ કરીમ સ.અ.વ.ની પાસે હતો કે આપની પાસે એક વ્યકિત આવ્યો તેણે જણાવ્યું કે તેણે અન્સારની એક મહિલાને લગ્નનો સંદેશો મોકલ્યો છે. રસૂલ કરીમ સ.અ.વ.એ તેને ફરમાવ્યું કે શું તેં તે મહિલાને જોઈ છે ? તેણે કહ્યું નહી. આપે ફરમાવ્યું કે પહેલા જોઈ લો, કેમ કે અન્સારની આંખોમાં કંઇક હોય છે. આમ લગ્ન માટે છોકરીને જોવું કોઈ બૂરાઈ નથી પરંતુ કેટલાક છોકરા વાળા પોતાના અહંકારના કારણે છોકરીઓના ઘરોમાં પોતાના છોકરા સાથે જાય છે કે સગુ જોવા માટે આવ્યા છે પરંતુ ઘમંડના કારાણે ત્યાં તેમની વાતો આશ્ચર્ય જનક હોય છે પહેલા ફોટો જોય ચુકયા હોય છે, જાણકારીનું આદાન પ્રદાન પણ થઈ ચુકયું હોય છે પરંતુ તો પણ લટકાવી રાખે છે અને દુન્યવી દ્રષ્ટિથી કોઈ સારૂ સગપણ મળી જાય તો પ્રથમ સગપણ તોડી દે છે આ અનુચિત છે.

હઝરત મસીહ મૌઉદ અ.સ. લગ્નનો હેતુ બયાન કરતા ફરમાવે છે :

આપણને કુરઆન કરીમે તો આ તાલીમ આપી છે કે સંતોષ રહેવા માટે નિકાહ કરો અને જ્યારે લગ્ન થઈ જાય તો નેક સંતાન માટે દુઆ કરો, જેવું કે તે પોતાના પવિત્ર પુસ્તકમાં ફરમાવે છે કે તમારો નિકાહ આ હેતુથી થાય કે તમે તકવા તથા સંતોષના દુર્ગમાં દાખલ થઈ જાઓ તથા મોહસિનીન શબ્દમાં આ પણ જોવા મળે છે કે જે લગ્ન નથી કરતો તે ન કેવળ આધ્યાત્મિક દુર્બળતાઓમાં પડે છે બલ્કે શારીરિક મુશ્કેલીઓમાં પણ પરોવાય છે. માટે કુરઆન કરીમથી પ્રમાણ થાય છે કે લગ્નના ત્રણ લાભ છે તથા તે જ હેતુથી કરવી જઅેઈએ તે શું છે ? એક પવિત્રતા તથા સંતોષ, બીજુ સ્વાસ્થ્ય તથા ત્રીજુ સંતાન. જો આ વાતો સામે રહેશે તો સગપણ નક્કી કરતા સમયે સમસ્યાઓ ન થાય અને દુનિયાદારી જોયા કરતા ઈન્સાન પહેલા દીન જોવે પછી આ વાતોને સામે રાખીને લગ્ન કરે.

કેટલાક ઘરોમાં આ કારણથી કકળાટ અને ઝઘડાઓ થાય છે કે છોકરી લગ્ન કરીને જ્યારે વિદાય થાય છે તો પતિ પાસે અલગ ઘર નથી હોતુ તથા તે પોતાના માં બાપ સાથે રહેતો હોય છે અમુકને તો મજબૂરી હોય છે કે છોકરાની એટલી આવક નથી કે તે અલગ ઘર લઈ શકે અથવા છોકરો હજુ ભણી રહ્યો છે તો મજબૂરી છે અને છોકરીને પણ માલૂમ હોવું જોઈએ કે છોકરાની એટલી આવક નથી અથવા મજબૂરીના કારણે ઘર લેવું મુશ્કેલ છે તથા થોડા સમય સુધી તે સાસરીયામાં રહે. પરંતુ કેટલાક છોકરા પોતાના દાયિત્વ હીન સ્વભાવ અથવા માં બાપના કહેવા પર, તેમના દબાવના કારણે માં બાપ સાથે રહે છે જ્યારે કે અલગ ઘર લઈ શકે છે. ઈસ્લામ આ વિશે શું કહે છે ? અલ્લાહ તઆલા કુરઆન શરીફમાં ફરમાવે છે :

આંધળા માટે કોઈ બૂરાઈ નથી તથા ન લૂલા લંગડા માટે, ન રોગી પર કોઈ દોષ છે અને ન તમારા પર કે પોતાના ઘરોથી અથવા પોતાના માં બાપ, પોતાના બાપ દાદાના ઘરોથી ભોજન કરો અથવા પોતાની માંઓના ઘરોથી. હઝરત ખલીફતુલ મસીહ અવ્વલ રઝી.એ ખુબ સુંદર વ્યાખ્યા ફરમાવી છે કે હિન્દુસ્તાનમાં લોકો પોતાના ઘરોમાં વિશેષ રૂપથી સાસુ વહુની લડાઈની ફરિયાદો કરે છે. કુરઆન શરીફની તાલીમ અનુસાર કામ કરે તો આવું ન થાય. જુઓ આ આયતમાં નિર્દેશ છે કે ઘર અલગ અલગ હોવા જોઈએ. ઘર અલગ હોવાથી જ્યાં સાસુ વહુ તથા નણંદ ભાભીના કકળાટનો સમાધાન થશે ત્યાં છોકરા છોકરીને પોતાના દાયિત્વનો આભાસ પણ થશે

હઝરત ખલીફતુલ મસીહ એક આયતની વ્યાખ્યા કરતા ફરમાવે છે કે મિત્રો ! તમે જુઓ જો તમને પોતાની પત્નીની કોઈ વાત નાપસંદ હોય તો તમે તેની સાથે સારો વ્યવહાર કરો. અલ્લાહ તઆલા ફરમાવે છે કે અમે તેમાં ભલાઈ અને ખુબી નાખી દઈશું. સંભવત: એક વાત વાસ્તવમાં સારી હોય અને તમને ખોટી લાગતી હોય. જો પતિ પત્નીઓને છોડવામાં જલ્દી કરે છે અથવા સદવ્યવહાર નથી કરતા અથવા મહિલાઓની ભાવનાઓનું ધ્યાન નથી રાખતા અથવા મહિલાની અમુક વાતો પર ખરાબ માનીને તેમની સાથે અનુચિત વ્યવહાર કરે છે, આ નસીહત છે તેમની માટે કે પત્નીઓ સાથે નેક વ્યવહાર કરો.

પછી પુરૂષોના બીજા લગ્ન અથવા બીજા લગ્નની ઈચ્છાના કારણે અનેક સમસ્યાઓ સામે આવે છે. ઘરોમાં ઝઘડાઓ થાય છે. પુરૂષોએ યાદ રાખવું જોઈએ કે જો બીજા વિવાહની ઈસ્લામમાં અનુમતિ છે તો કેટલીક શર્તો તથા જરૂરીયાતને સામે રાખતા. હઝરત મસીહ મૌઊદ અ.સ. આ વિશે વિસ્તાર પૂર્વક નિર્દેશ આપ્યો છે, તેને સામે રાખવુ જોઈએ. આપ ફરમાવે છે કે ખુબ યાદ રાખો કે ખુદાની વાસ્તવિક ઈચ્છા આ છે કે તમારા પર વાસના ગાલિબ ન આવે તથા તકવાને પુરો કરવા માટે જો વાસ્તવિક જરૂરીયાત હોય તો બીજા વિવાહ કરી લો. બીજુ વિવાહ કરવું પણ તકવા માટે છે આ રીતે તે લગ્ન ઉચિત છે તથા આ નિરીક્ષણ કરવાની જરૂર છે તે તમામને જે બીજો વિવાહ કરવાના ઈચ્છુક છે કે લગ્ન તકવા માટે છે અથવા વાસનાની પૂર્તિના કારણે.

પછી આપે ફરમાવ્યું કે જાણવુણ જોઈએ કે જે પુરૂષ વાસનાની પૂર્તિ માટે અધિક વિવાહ કરે છે તે ઈસ્લામની મૂળ તાલીમથી દુર રહે છે. પ્રત્યેક દિન જે ચઢે છે અને રાત જે આવે છે જો તે તલ્ખ જીવન વ્યતીત નથી કરતો તથા ઓછું રડે છે અથવા બિલકુલ નથી રડતો અને અધિક હંસે છે તો યાદ રહે કે તે વિનાશનો નિશાન છે.

પછી આપે મહિલાઓને પણ નિર્દેશ આપ્યો કે જો પુરૂષ વાસ્તવિક જરૂરીયાતના કારણે બીજો વિવાહ કરવા ચાહે તો પછી શોર ન મચાવવું જોઈએ પરંતુ આપે આ પણ ફરમાવ્યું કે તમને આ હક છે કે દુઆ કરો કે અલ્લાહ તઆલા આ મુશ્કેલી તમારા પર ન લાવે. આપ ફરમાવે છે કે આપણા આ યુગમાં કેટલીક નવી નવી વાતોમાં મહિલાઓ પણ લિપ્ત છે તથા બહુ વિવાહને ખોટી દ્રષ્ટિથી જુએ છે જેવું કે તેના પર ઈમાન નથી રાખતી. તેમને જાણકારી નથી કે ખુદાનો વિધાન દરેક પ્રકારનો સમાધાન પોતાની અંદર રાખે છે. જો ઈસ્લામમાં બહુ વિવાહનું પ્રાવધાન ન હોત તો એવી અવસ્થાઓ જે પુરૂષો માટે બીજા નિકાહ માટે પેશ કરવામાં આવે છે, આ શરીઅતમાં તેમનો કોઈ સમાધાન ન હોત. દા.ત. જો સ્ત્રી પાગલ થઈ જાય અથવા કોઢી થઈ જાય અથવા હંમેશ માટે કોઈ રોગમાં લિપ્ત થઈ જાય જે બેકાર કરી દે છે અથવા કોઈ એવી સ્થિતિ પેશ આવે અથવા મહિલા દયાને યોગ્ય હોય પરંતુ બેકાર થઈ જાય તથા પુરૂષ પણ દયાને યોગ્ય હોય કે સંતોષ ન કરી શકે તો એવી અવસ્થામાં પુરૂષની શકિતઓ પર આ અત્યાચાર છે કે તેને બીજા નિકાહની અનુમતિ ન આપવામાં આવે. વાસ્તવમાં ખુદાની શરીઅતએ આ વાતોને ધ્યાનમાં રાખતા પુરૂષો માટે માર્ગ ખોલી રાખ્યો છે તથા મજબૂરીઓના સમયે મહિલાઓ માટે પણ માર્ગ ખુલ્લો છે કે જો પુરૂષ બેકાર થઈ જાય તો હાકેમ દ્વારા ખુલઅ કરવી લે જે તલાકનો વિકલ્પ છે.

અલ્લાહ તઆલા જમાઅતના લોકોને, પુરૂષો, મહિલાઓને બુદ્ધિ તથા સામર્થ્ય આપે કે પોતાની પારિવારિક સમસ્યાઓનું અલ્લાહ તઆલાના આદેશ અનુસાર નિવારણ કરનાર થાય તથા સાંસારિક મોહને બદલે દીનને પ્રાથમિકતા મળે. અલ્લાહ તઆલાનો ભય તથા તકવા હંમેશા સામે રહે. તેવી જ રીતે નવા સગપણની સમસ્યાઓ પણ અલ્લાહ તઆલા દુર કરે, અનેક સમસ્યાઓ ઉત્પન્ન થઈ રહી છે. છોકરા છોકરીઓને આ તૌફિક આપે અને આ વાતને સમજવાનું સામર્થ્ય આપે કે વિવાહ કેવળ સાંસારિક ઈચ્છાઓની પૂર્તિ માટે નથી બલ્કે દીનને પ્રાથમિકતા આપતા ભવિષ્યની પેઢીઓ સુરક્ષિત રહે તથા ઈસ્લામની સેવા કરનાર હોય અને અલ્લાહ તઆલાના ફઝલોને પછી આ રીતે હાંસેલ કરનાર થઈએ.

******

Khulasa Khutba Jumma Huzoor Anwar 03 March 2017

BOOK POST (Printed Matter)

To..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

From: Masroor Manzil, Al-Aman society. Narol, Ahmedabad-382405 GUJARAT.